# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 27.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : FRIDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિકસિત ભારત માટે ટેકનોલોજી, સુધારા અને નાણાં વિષયના વેબિનારને સંબોધિત કરશે

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે જેસલમેર ખાતે સ્વદેશી લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરશે -વાયુ શક્તિ કવાયતમાં ઉપસ્થિત રહેશે

3) DGCA એ એરલાઇન્સ માટે ટિકિટ રિફંડ નિયમોમાં સુધારો કર્યો

4) કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની ભારતની ચાર દિવસની મુલાકાતે આજે મુંબઈ પહોંચશે

5) ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વકપમાં ગઈકાલે ભારતે ઝિમ્બાબ્વે સામે 72 રનથી જીત મેળવી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

## TECHNOLOGY, REFORMS AND FINANCE FOR A VIKSIT BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે "વિકસિત ભારત માટે ટેકનોલોજી, સુધારા અને નાણાં" વિષય પર બજેટ પછીના વેબિનારને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધિત કરશે.

આ વેબિનારમાં જાહેર મૂડીખર્ચ , માળખાગત સુવિધા, બેંકિંગ ક્ષેત્રના સુધારા , નાણાકીય ક્ષેત્રના સ્થાપત્ય, મૂડી બજારોને વધુ ગાઢ બનાવવા અને કર સુધારા દ્વારા જીવન જીવવાની સરળતા પર ચર્ચા કરવામાં આવશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

**(બાઈટ - SHAKTI—BUDGET)**

---

## SANAND SEMI CONDUCTOR PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલૉજીના અદ્યતન ATMP એટલે કે , એસેમ્બલિ, ટૅસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. સાણંદમાં માઇક્રોન સેમિ-કન્ડક્ટર ટૅક્નોલૉજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા 22 હજાર 516 કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે. રાજ્યમાં માઇક્રોનની ATMP સુવિધા શરૂ થવાથી દેશમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાન્તિનો શુભારંભ થશે.

**(VOICECAST: પ્રવેશ અડિએચા )**

*(.... સાણંદમાં માઇક્રોનના પ્લાન્ટમાં **ATMP** સુવિધા છે, જેમાં **SSD** એટલે કે, સૉલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારના સ્ટૉરેજ માટેનું આધુનિક ઉપકરણ અને રૅમ પ્રકારના **DRAM** અને **NAND** ઉત્પાદન તૈયાર કરાશે. આ માટે સાણંદ પ્લાન્ટમાં હાલ બે હજાર લોકો કામ કરી રહ્યા છે અને આગામી સમયમાં પાંચ હજાર લોકોને રોજગારીની તક ઉપલબ્ધ થશે. માઇક્રોનની ટીમના જણાવ્યા મુજબ, આ મેગા સેમિ-કન્ડક્ટર પ્લાન્ટ **A.I.** એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા ટૅક્નોલૉજીના ભવિષ્યને સશક્ત બનાવશે.*

*(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

---

# VAYU SHAKIT - 2026

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાજસ્થાનના જેસલમેરમાં ભારતીય વાયુસેનાના 'વાયુ શક્તિ' કવાયતના સાક્ષી બનશે.**

**કવાયત પહેલા, રાષ્ટ્રપતિ સ્વદેશી લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર ( LCH) - 'પ્રચંડ' માં ઉડાન ભરશે. આ મિશન બે એરક્રાફ્ટ LCH ફોર્મેશન તરીકે હાથ ધરવામાં આવશે, જેમાં વાયુસેનાના વડા, એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહ બીજા LCH માં ઉડાન ભરશે**

**LCH 'પ્રચંડ' ભારતનું પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઇન અને વિકસિત કોમ્બેટ હેલિકોપ્ટર છે, જે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યું છે. આ હેલિકોપ્ટરને રણથી લઈને ઊંચાઈવાળા પ્રદેશો સુધીના વિવિધ ભૂપ્રદેશોમાં સંચાલન માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.**

**શ્રી મુર્મુ ભારતીય વાયુસેનાના મેગા પ્રદર્શન 'વાયુ શક્તિ'માં હાજરી આપશે.**

**(બાઈટ – જીતેન્ર્ી જયપુર)**

---

# DGCA

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ એરલાઇન્સ માટે ટિકિટ રિફંડના ધોરણોમાં સુધારો કર્યો છે.

મુસાફરો હવે બુકિંગ કર્યાના 48 કલાકની અંદર વધારાના ચાર્જ ચૂકવ્યા વિના એર ટિકિટ રદ અથવા બદલી શકે છે, જે ચોક્કસ શરતોને આધીન રહેશે.

એરલાઇન્સે બુકિંગ કર્યાના 24 કલાકની અંદર મુસાફર દ્વારા ભૂલ દર્શાવવામાં આવે ત્યારે તે જ વ્યક્તિના નામે સુધારા માટે કોઈ વધારાનો ચાર્જ વસૂલવો જોઈએ નહીં, જ્યારે ટિકિટ સીધી એરલાઇનની વેબસાઇટ દ્વારા બુક કરવામાં આવે છે.

DGCA એ જણાવ્યું હતું કે, ટ્રાવેલ એજન્ટ અથવા પોર્ટલ દ્વારા ટિકિટ ખરીદવાના કિસ્સામાં, રિફંડની જવાબદારી એરલાઇન્સની રહેશે, કારણ કે એજન્ટો તેમના નિયુક્ત પ્રતિનિધિઓ છે. એરલાઇન્સ ખાતરી કરશે કે રિફંડ પ્રક્રિયા 14 કાર્યકારી દિવસોમાં પૂર્ણ થાય. આ ઉપરાંત, મુસાફર દ્વારા સામનો કરવામાં આવતી તબીબી કટોકટીને કારણે ટિકિટ રદ કરવાના ધોરણોના સંદર્ભમાં ફેરફારો કરવામાં આવ્યા છે.

ટિકિટ બુક કરાવ્યા પછી મુસાફરોને 48 કલાકના સમયગાળા માટે 'લુક-ઇન વિકલ્પ' પ્રદાન કરવા એરલાઇન્સને કહેવામાં આવ્યું છે.

આ સમયગાળા દરમિયાન, મુસાફર કોઈપણ વધારાના ચાર્જ વિના ટિકિટ રદ કરી શકે છે અથવા તેમાં સુધારો કરી શકે છે.

# CANADIAN PRIME MINISTER VISITS INDIA

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની આજે ભારતની 4 દિવસની મુલાકાતે મુંબઈ પહોંચશે. આ પ્રધાનમંત્રી કાર્નીની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત હશે. આગામી બે દિવસમાં, તેઓ અલગ-અલગ વ્યાપારિક કાર્યક્રમોમાં ભાગ લેશે.

ભારતીય અને કેનેડિયન સીઈઓ , ઉદ્યોગ અને નાણાકીય નિષ્ણાતો , નવીનતાઓ, શિક્ષકો તેમજ ભારતમાં સ્થિત કેનેડિયન પેન્શન ફંડ્સ સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રી કાર્ની 1 માર્ચે નવી દિલ્હી પહોંચશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ 2 માર્ચે હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. બંને નેતાઓ ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીના વિવિધ ક્ષેત્રોમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. તેઓ વેપાર અને રોકાણ ઉર્જા જેવા મહત્વપૂર્ણ. પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

શ્રી મોદી અને શ્રી કાર્ની દિવસના અંતમાં આયોજિત ભારત-કેનેડા સીઈઓ ફોરમમાં પણ હાજરી આપશે.

---

# IIMC

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC) નો 57મો દીક્ષાંત સમારોહ આજે નવી દિલ્હીમાં યોજાશે.

આ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન ઉપસ્થિત રહેશે. **IIMC**ના ચાન્સેલર, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી, અશ્વિની વૈષ્ણવ સમારોહની અધ્યક્ષતા કરશે.

## બાઇટ - PRIYNKA-ARORA

આ કાર્યક્રમ **IIMC**માં માળખાગત સુવિધાઓ અને શૈક્ષણિક શ્રેષ્ઠતાના સતત વિસ્તરણ અને મજબૂતીકરણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

---

## SEBI REGULATIONS

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ( **SEBI)** એ તેના દ્વારા નિયંત્રિત બધી કંપનીઓને સોશિયલ મીડિયા પર સિક્યોરિટીઝ માર્કેટ સંબંધિત સામગ્રી પોસ્ટ કરતી વખતે તેમનું નોંધાયેલ નામ અને નોંધણી નંબર સ્પષ્ટપણે દર્શાવવાનો નિર્દેશ આપ્યો છે.

ગઈકાલે જારી કરાયેલ આ નિર્દેશ સ્ટોક બ્રોકર્સ , પોર્ટફોલિયો મેનેજર્સ , મ્યુચ્યુઅલ ફંડ્સ અને વિતરકો સહિત મધ્યસ્થી અને એજન્ટોને પણ લાગુ પડે છે. નવા નિયમો 1 મેથી અમલમાં આવશે.

**SEBI**ના જણાવ્યા અનુસાર , આ પગલું રોકાણકારોને રજિસ્ટર્ડ અને નિયમન કરાયેલ કંપનીઓ દ્વારા પ્રકાશિત સામગ્રી અને બિન-નોંધાયેલ અને બિન-નિયમન કરાયેલ કંપનીઓ દ્વારા પ્રકાશિત સામગ્રી વચ્ચે તફાવત કરવામાં મદદ કરશે. વિડિઓઝ અને લેખિત પોસ્ટ્સ સહિતની બધી સામગ્રી આ નિર્દેશ હેઠળ આવશે.

આ આવશ્યકતામાં **YouTube, Telegram, Instagram, Facebook, WhatsApp, X, LinkedIn, Reddit** અને **Threads** જેવા પ્લેટફોર્મ પર ખુલ્લા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવતી વિડિઓઝ , લેખિત પોસ્ટ્સ અને અન્ય પ્રકાશિત સામગ્રી સહિત તમામ પ્રકારની સામગ્રીનો સમાવેશ થશે.

---

# ICC T20 WORLD CUP

**ICC** પુરુષ **T20** ક્રિકેટ વિશ્વકપની ગઈકાલે ચેન્નાઈમાં રમાયેલી સુપર **8** મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને **72** રનથી પરાજય આપ્યો પહેલા બેટિંગ કરતા ભારતે **4** વિકેટે **256** રન બનાવ્યા.

**257** રનના લક્ષ્યાંકના જવાબમાં ઝિમ્બાબ્વે **6** વિકેટે **184** રન જ બનાવી શક્યું. ઝિમ્બાબ્વેના બ્રાયન બેનેટે સૌથી વધુ **97** રન બનાવ્યા. ભારતના અર્શદીપ સિંહે ત્રણ વિકેટ લીધી. હાર્દિક પંડ્યાએ અણનમ **50,** તિલક વર્માએ અણનમ **44** અને અભિષેક શર્માએ **55** રન બનાવ્યા. હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

દરમ્યાન ભારત રવિવારે સુપર **8** મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. આ મેચ સાંજે સાત વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, કરણ મકવાણા

- આજના મોટાભાગના અખબારોએ ભારત – ઈઝરાયેલ વચ્ચે થયેલા કરારના સમાચારને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – ભારત-ઈઝરાયેલ વચ્ચે AI, ડિફેન્સના 17 કરારો
- સંદેશ લખે છે – ઈઝરાયેલમાં UPI ચાલશે, બંને દેશો વચ્ચે ટૂંકમાં FTA
- નવગુજરાત સમય લખે છે – ભારત ઈઝરાયેલની મિત્રતા વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવાઇ
- આ ઉપરાંત પાકિસ્તાન પર તાલિબાનનો હુમલો , વિમાનની ટિકિટ બુકિંગના 48 કલાકમાં કેન્સલ કરો તો કોઈ ચાર્જ નહીં લાગે અને કેનેડાના પીએમ કાર્નિ આજથી ભારતની મુલાકાતે
- પાકિસ્તાન બોર્ડરથી હેરોઇન ,ગ્રેનેડ અને પિસ્તોલ સપ્લાય કરતો આતંકી ઝડપાયો આ સમાચારને ફૂલછાબે છેલ્લા પાને લીધા છે
- સ્થાનિક પાને સંદેશ લખે છે – સાબરમતી નદી , તળાવો ખાતે સૌપ્રથમવાર ફ્લોટિંગ સોલર પ્રોજેકટ અમલમાં મુકાશે.